જ્ઞાનમાળા અથવા શીક્ષામાળા



કસેલર કંચનલાલ શાન્તિલાલ બ્રધર્સ મુ. નડીઆદ.

મુખપૃષ્ઠ ડ્રાનાઝ પ્રી. વર્કસમાં છાપ્યું.

શ્રી જ્ઞાનમાળા



શ્રી કૃષ્ણજી અને અરજુનના સંવાદરૂપી

શ્રી જ્ઞાનમાળા—

અથવા

શિક્ષામાળા

એક દીવસે પરીક્ષત રાજા રાજ્યસભા કરીને બેઠા હતા ત્યાં શ્રી વ્યાસજીના પુત્ર શ્રી શુકદેવજી પધાર્યા તે જોઇને રાજા પરીક્ષત આસન ઉપરથી ઉભા થઇ રૂષીના ચરણાર્વિંદમાં પડી સાષ્ટાંગદંડવત કરી બહુ આદરસત્કાર સહીત પોતાના સુંદર ભુવનમાં લઇ જઇ રત્નજડીત સીંહાસન ઉપર બેસાડી ચરણારવિંદ ધોઇને ચરણોદક લીધું. પછી વિધીપુર્વક પૂજન કરીને નાનાં પ્રકારનાં ભોજન કરાવ્યાં તેથી શ્રી શુકદેવજીએ પ્રસન્નતા સહિત રાજા પરીક્ષતની ભક્તિના બહુ વખાણ કર્યા ત્યારે રાજાએ બે હાથ જોડી વીનતી કરી કે હે કૃપાસિંધુ ભવભય ભંજન ભગવાન ! આપની અતી કૃપાવડે સદા વેદ તથા પુરાણ સાંભળવાથી મારૂં હ્રદય પ્રફૂલ્લીત થઇ પ્રકાશ પામ્યું છે પરંતુ હવે મારા મનમાં સંદેહ ઉત્પન્ન થયો છે કે સંસારમાં ઉંચ તથા નીચ એ બે કરમ છે—તો કૃપા કરીને આ બે કરમના ભેદ પૃથક પૃથક મને કહો અને મારા મનની શંકાઓનું નિવારણ કરો.

રાજાનો આ પ્રશ્ન સાંભળીને, શ્રી શુકદેવજીએ પ્રસન્ન થઈને આજ્ઞા કરી કે હે રાજા ! તારા પ્રશ્નથી સંસારી મનુષ્યોને મોટો લાભ છે અને જે સંદેહ તારા મનમાં ઉપજ્યો છે તેજ સંદેહ એક વખત અર્જુનના મનમાં પણ ઉત્પન્ન થયો હતો. તેજ સંદેહનો ઉત્તર જેવી રીતે શ્રીકૃષ્ણજીએ આપ્યો હતો, તેજ હું તારા આગળ કહું છું તે મન દઈને સાંભળ.

એક દીવસ પ્રાતઃકાળમાં શ્રીકૃષ્ણજી ફરતા ફરતા અર્જુનના મુકામપર પધાર્યા, ત્યાં ખબર મળી કે અર્જુન સુતો છે. આ વાત સાંભળી શ્રીકૃષ્ણજી આશ્ચર્ય પામ્યા. આવે વખતે સ્વપ્નામાં અર્જુને પણ શ્રીકૃષ્ણને જોયા કે તુરત જાગી ઉઠ્યા, એવામાં સેવકોએ આવીને કહ્યું કે હે પૃથ્વીપતિ ! આપણે ઘેર શ્રીકૃષ્ણજી પધાર્યા છે. આ સાંભળીને અર્જુન એકદમ દોડી શ્રીકૃષ્ણજીના ચરણારવિંદમાં પડ્યા અને દંડવત કરી સ્થીર .થઈ વિનંતી કરી કે હે સચ્ચીદાનંદ જગદીશ ! આ અપરાધ મારાથી અજાણમાં થયો છે તો આપ કૃપા કરી ક્ષમા કરશો. આ સાંભળી શ્રીકૃષ્ણજીએ અર્જુનને કહ્યું કે હે અર્જુન ! તું મહા બુધ્ધિમાન્ અને જ્ઞાની છે. તેથી તું આ વખતે સ્વપ્ન અવસ્થામાં મને જોઇને બહુ સોચ કરે છે, કેમકે મનુષ્ય દેહ ઘણી મુશ્કેલાઇથી પ્રાપ્ત થાય છે, તેથી કરીને આ મનુષ્ય દેહ છે એવું જાણીને આવે વખતે બુધ્ધિમાન પુરૂષને સુવું ઉચીત નથી.

શ્રીકૃષ્ણનો આવો લાભકારક ઉપદેશ સાંભળી અર્જુને હાથ જોડી વિનંતી કરી કે દીનબંધુ દીનાનાથ! આપ પરમ કૃપાળુ છો જેથી આપના દાસથી જે અજાણે અપરાધ થયો છે, તે કૃપાદૃષ્ટિથી નિહાળી ક્ષમા કરી બીજા જે ઉપદેશો કે જે મનુષ્ય દેહધારીઓને હિતકારી છે, તેનું જ્ઞાન થવા માટે સેવકને આજ્ઞા કરો કે કયા કયા અહિતકારી કર્મનો ત્યાગ કરવો જરૂરનો છે? ત્યારે શ્રીકૃષ્ણજીએ ઉત્તર આપ્યો કે હે અર્જુન! તું મારો પરમ ભક્ત છે અને તેથીજ હું તને મારો મીત્ર જાણીને જે ગુપ્ત ઉપદેશો છે, જેને દેવતાઓ પણ જાણી શકતા નથી તે હું આજ તને કહું છું તે ચીત્ત રાખીને સાંભળ. આ અમુલ્ય ઉપદેશો તું અથવા બીજા મનુષ્યદેહધારીઓ સાંભળીને અંગીકાર કરશે તો તે પાપના બંધનથી મુકત થશે ને અંતકાળે સ્વર્ગે જઈ નિવાસ કરશે.

શિક્ષા ૧લી–હે અર્જુન! પ્રાતઃકાળે જે વખત સૂર્ય ઉદય થાય છે, તે વખત મનુષ્યને સુવું ઉચીત નથી કેમકે રાત્રીના ચોથા પહોરમાં સૂર્યને તથા દૈત્યને યુદ્ધ થાય છે; તેમાં એંસી હજાર દૈત્યને મારી સૂર્ય ઉદય પામે છે અને દૈત્યના જીવ પાછા સજીવન થાય છે, એટલા માટે મનુષ્યોએ વિચારવું જોઈએ કે બે ઘડી વહેલા ઉઠી પરમ દયાળુ પરમેશ્વરનું ધ્યાન મનમાં લાવી ભજનાનંદમાં મગ્ન રહેવું અને સૂર્ય ઉદય થાય ત્યારે સ્નાન કરીને શ્રીસૂર્યનારાયણને

જળ અર્પણ કરી દંડવત કરવા અને પીતૃદેવતાને પણ જગ અર્પણ કરવું તેથી સૂર્યદેવતા તથા પીતૃદેવતા બળવાન થઇ પ્રસન્નતાથી આશિષ આપે છે માટે જે મનુષ્ય આ વિધીને અંગીકાર કરશે તે આલોક તથા પરલોકના સુખોનો ભોગી થશે.

શિક્ષા ૨ જી–હે અર્જુન ! પોતાના બીછાના ઉપર પોતાની સ્ત્રી શીવાય બીજા કોઇની સાથે સુવું નહીં કેમકે પોતાની સ્ત્રી તો અર્ધાંગી (પાપ પુણ્યની સાથી) છે, આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે કૃપાળુ કરૂણાનીધાન ! કોઇ અતિથી આપણે ઘેર આવે ને તેની પાસે બીછાનું ન હોય ત્યારે શું કરવું ! શ્રી કૃષ્ણજીએ કહ્યું કે આવનાર મનુષ્ય પોતાનું વસ્ત્ર પોતાના અંગ સમાન બીછાવેલા બીછાના ઉપર પાથરીને સુઈ રહે તો દોષ નહી.

શિક્ષા ૩ જી–હે અરજુન ! વીધવા સ્રીના હાથની રસોઇ જમવામાં ઘણો દોષ છે કેમકે જે સ્રીનો ધણી મરી જાય છે સ્રી અર્ધા બળેલા મડદાની માફક થઇ જાય છે. એટલા માટે તેના હાથની રસોઇ જમવાથી બહુ પાપ છે, અને અંતકાળે મુકતી મળતી નથી.

શિક્ષા ૪ થી–હે અરજુન ! સંધ્યા વખતે જે મનુષ્ય ઘરના આંગણામાંથી ઝાડું કાઢે તે નક્કી દરીદ્રી થાય છે, કેમકે આ વખતે લક્ષ્મીજી ઘરમાં ગમન કરે છે તેથી જેના હાથમાં લક્ષ્મીજી ઝાડુ દેખે છે તે ઘરમાં ફરીથી કોઇ

વખત ગમન કરતા નથી.

શિક્ષા ૫ મી—હે અરજુન ! જે મનુષ્ય એકાદશી વગેરે વ્રત ધારણ કરી સ્રીનો સંગ કરે તો તે વ્રતનું ફળ મળતું નથી. આ સાંભળી અરજુને હાથ જોડી પ્રશ્ન કર્યો કે હે સચ્ચીદાનંદ આનંદરૂપ ! હે વિશ્વંભ્રેમ વિદારણ જગતાત ! વ્રતના દીવસે જે સ્રી રજસ્વલાના દોષથી મુક્ત સ્નાન કરે છે ત્યારે પુરૂષ તેનો સંગ ન કરે તો પાતકી થાય અને સંગ કરે તો વ્રત નીષ્ફળ થાય ત્યારે તેનું કેમ કરવું ? આ પ્રશ્નના જવાબમાં શ્રીકૃષ્ણજીએ કહ્યું કે અરધી રાત ગયા પછી સંગ કરે તો દોષ નથી કેમકે રાત્રીના બે પાછલા પહોર આગલા દીવસની ગણત્રીમાં આવે છે, તેથી દોષ લાગતો નથી.

શિક્ષા ૬ ઠી—હે અરજુન ! આગલી રાત્રીએ દીવાની વાટ પડેલી રહી હોય તેને તે પાછી બીજે દીવસે સળગાવે તો તેમાં મહા પાપ છે. આવા પાપથી તે માણસની સ્રી ઘણા કાળ સુધી વાંઝણી રહે છે. આ શીક્ષા સાંભળી અર્જુને શ્રીકૃષ્ણ ભગવાનને વિનંતી કરી કે હે અનાથના નાથ દયાસીંધુ વાસુદેવ ! આપે જે શીક્ષા કહી તે સાંભળવાથી દાસના મનમાં અતિ આનંદ થયો છે. કૃપા કરીને બીજી કોઇ આજ્ઞા કરો.

શિક્ષા ૭ મી—હે અરજુન ! સૂર્યનારાયણના સનમુખ રહીને દાતણ તથા કોગળા વીગેરે કરવા નહી, તેમ અગ્નિ અને જળમાં પણ કોગળા કરવા નહી કેમકે તેમ કર્યાથી

અંતકાળે નર્કમાં પડવું પડે છે કેમકે દેવતાઓમાં આ ત્રણે દેવતાઓ મોટા મનાય છે તેથી જે મનુષ્ય આ ત્રણે દેવતાઓનું પ્રીતીથી પુજન કરે તો તેને યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે ઘનશ્યામ ચતુર્ભુજ સ્વરૂપ! એ ત્રણે દેવતાઓનું પૂજન કઇ વીધીથી હંમેશાં કરવું જોઇએ, તે કૃપા કરીને કહો શ્રી કૃષ્ણજીએ કહ્યું કે–આદીત્વારે સૂર્યનારાયણનું વ્રત ધારણ કરવું, અને વ્રત ન રાખી શકાય તો તે દીવસે ફળ આહાર કરવો પણ અનાજ ખાવું નહી હવે અગ્નિ દેવતાની પુજાની વીધી કહું છું. પ્રાતઃકાળે સ્નાન કરીને પોતાના ઇષ્ટદેવતાનું ધ્યાન ધરી ઘી, સાકર, તલ, જવ, આદી સામગ્રીથી અગ્નિ દેવનું પુજન કરવું અને જો આ રીતે ન થઇ શકે તો રસોઇ તૈયાર થાય ત્યારે રસોઇની બધી સામગ્રીથી પુજન કરવું. હવે જળદેવતાની પુજાની વીધી કહું છું. પ્રાતઃકાળે સ્નાન કરી કુવા અથવા તળાવ ઉપર જઇ દુધ તથા ચંદન, ચોખા, પુષ્પ ચડાવીને નૈવેદ અર્પણ કરવું. જે મનુષ્ય આ રીતે ત્રણ દેવતાઓનું પુજન પ્રતીદીન કરે તો તે આ લોકમાં ધન, સંતાન અને પરલોકમાં વૈકુંઠ વાસ પામે.

શિક્ષા ૮ મી–હે અરજુન! જે મનુષ્ય બળતા દીવાને ઝપટ મારી બુજાવે અને દીવાથી દીવો લગાવી સળગાવે તે મહા પાતકી થાય છે.

શિક્ષા ૯ મી–હે અરજુન! મનુષ્ય વ્રત ધારણ કરી

ખાટલાં ઉપર સુવે છે તેનું વ્રત નીષ્ફળ થાય છે કારણ કે જેનું વ્રત ધારણ કરે તે દેવતા વ્રતને દીવસે તે મનુષ્યના અંગમાં પ્રવેશ કરે છે તેથી વ્રત વાળાએ પૃથ્વી ઉપર સુઇ રહી સ્ત્રીથી અલગ રહેવું. આમ કર્યાથી દેવતા પ્રસન્ન થઇને આશીર્વાદ આપે છે અને વ્રત ફળદાયક થાય છે.

શિક્ષા ૧૦ મી–હે અરજુન! વ્રત રાખ્યું હોય તે દીવસે પોતાનું એઠું જુઠણ કોઇને કાંઇ પણ આપવું નહિ કેમકે તે ખાનાર મનુષ્ય વ્રતનું અડધું ફળ લેઈ લે છે.

શિક્ષા ૧૧ મી–હે અર્જુરન! જે મનુષ્ય રસોઇની બધી સામગ્રી બરાબર તૈયાર થવા પહેલા અથવા અગ્નિદેવોને જમાડ્યા અગાઉ જલદી કરીને જમવા બેસી જાય અને જ્યાં સુધી રસોઈની સર્વ ચીજો તૈયાર થઈ ન હોય અને અગ્નિ દેવને જમાડ્યા અગાઉ રસોડામાંથી બીજાને અગ્નિ આપે અને રસોઇની સામગ્રીને પાત્ર વિના પૃથ્વીપર મુકે તો આ ત્રણે પાપથી સદા દરીદ્ર અવસ્થામાં રહે છે માટે મનુષ્યે અવશ્ય જાણવું જોઇએ કે જ્યારે રસોઇની સર્વ સામગ્રી તૈયાર થાય ત્યારે સ્વચ્છતાથી અગ્નિ સન્મુખ પાટલા ઉપર બેસીને પુરણ બ્રહ્મ પરમ દયાળુ પરમેશ્વરને તૈયાર થયેલી રસોઈની સામગ્રી ધરવી અને અન્નદેવને નમસ્કાર કરવા અને અભ્યાગતને રસોઇની સર્વ સામગ્રીથી ભોજન કરાવવું. જો તે ગરીબ અવસ્થાને લીધે બની શકે નહી તો થોડી થોડી

સર્વ ચીજો અભ્યાગતને નીમીત અર્પણ કરવી અને પછી જમવું એ પ્રમાણે જે મનુષ્ય કરશે તે મહા પુણ્યના પ્રતાપથી અગ્નિદેવ તથા અન્નદેવતાનો આશીર્વાદ પામીને સદા સુખી રહેશે.

શિક્ષા ૧૨ મી–હે અરજુન ! જે માણસ તાંબાના વાસણમાં પાણી ભરીને કુદરતી હાજતે (ઝાડે જંગલ) લઇ જઈ અજીઠ કરે તો તે મનુષ્ય અંતકાળે નરકનો અધીકારી થાય કેમકે સર્વ ધાતુઓમાં ત્રાંબુ અતિ પવિત્ર છે એટલા માટે ત્રાંબાના વાસણથી સ્નાન કરનાર મનુષ્યને ગંગાસ્નાન સરખુ પુણ્ય થાય છે અને પોતાના પિતૃદેવતાને ત્રાંબાના વાસણમાં ભોજન અથવા જળ અર્પણ કરે તો તે પણ મોટું પુણ્ય ગણાય છે.

શિક્ષા ૧૩ મી–હે અરજુન ! જે માણસ બ્રહ્મહત્યા તથા પર સ્ત્રીનો સંગ કરે તો તેને હજાર વરસ પર્યંત નરકમાં વાસ કરવો પડે છે. કદાચ પરસ્ત્રીનો સંગ કરવાથી જો વિર્યનું બીંદુ પડી તેમાંથી પુત્ર ઉત્પન્ન થાય તો પોતાના સારા કર્મો થકી જે સ્વર્ગની પ્રાપ્તિ થાય છે. તે ન થતાં ઉલટું નરકમાં જવું પડે એટલુંજ નહી પણ પોતાના પિતૃ દેવતાઓ જે પોતાની સારી કરણીથી સ્વર્ગ પામ્યા હશે તે પણ નરકમાં પડે છે અને શ્રાદ્ધ તરપણથી સદા વિમુખ રહે છે તેથી આ પાપ બધા પાપો કરતાં મોટું ગણાય છે.

શિક્ષા ૧૪ મી–હે અર્જુન ! જે મનુષ્ય સ્ત્રીનો સંગ

કરી સ્નાન નહી કરતાં અપવીત્ર રહે છે તે અંતકાળે નરકવાસમાં દારૂણ દુઃખ ભોગવે છે કેમકે એવા અપવિત્ર માણુસનાં પગલાં પૃથ્વી પર મુકવા સરખાને પોતાના પિતૃના પંડ પર મુકવા સરખા ગણાય છે.

શિક્ષા ૧૫ મી–હે અર્જુન! અમાવાસ્યાને દીવસે જે મનુષ્ય ઝાડનાં પાંદડાં તથા ડાંખળાં તોડે છે તેને બ્રહ્મહત્યાનું પાપ વળગે છે એટલા માટે તે દીવસે દાતણ પણ કરવું ઉચીત નથી કેમકે તે પણ એક ઝાડનું ડાખરૂં કહેવાય છે.

શિક્ષા ૧૬ મી–હે અરજુન! કોઇ અભ્યાગત સાધુ અથવા મુસાફરની યાચનાનો અનાદર કરે તો તે મહા પાતકી થાય છે માટે મનુષ્યને ઉચીત છે કે પોતાની શક્તિ મુજબ કાંઇ પણ આપી તેને સંતોષવો અને જો આપવાની શક્તિ નહી હોય તો તેને નમ્રતાથી કોઇ પુણ્યવાન ગૃહસ્થનું સ્થાનક દેખાડી આવવું. એ સર્વ દાનથી પણ શ્રેષ્ટ દાન ગણાય છે.

શિક્ષા ૧૭મી–હે અર્જુન! જે મનુષ્ય પોતાના ઘરમાં તુટેલો ખાટલો તથા પુટેલાં વાસણ રાખે તો તે અવશ્ય દરદ્રી થાય.

શિક્ષા ૧૮ મી–હે અર્જુન! જે માણુસ પરમાત્માના નામનું ભજનકીર્તન કરી ભોજન કરે છે, તે હાલતાં ચાલતાં ઉઠતાં આલોક તથા પરલોકમાં મનવાંછીત ફળને પામે છે. આ શીક્ષાથી જે માણુસ વિરૂદ્ધ વર્તે છે તે મહા પાપનો

અધીકારી થાય છે.

શિક્ષા ૧૯ મી- હે અર્જુન! જે મનુષ્ય એકજ પાત્રમાં બીજાની સાથે ભોજન કરે છે અથવા કરાવે છે તે ભ્રષ્ટ થાયં છે. કેમકે પુર્વજન્મમાં તે માણુસ કઇ જાતનો હુશે તે માણુસથી જાણી શકાતું નથી તેથી એકઠા બેસીને ભોજન કરવાથી અથવા બીજાનું એઠું ખાવાથી પુર્વજન્મની પ્રકૃતીનો અંતઃકરણમાં પ્રવેશ થાય છે અને તેથી નીચ કર્મ ભોગવવું પડે છે.

શિક્ષા ૨૦ મી—હે અરજુન! ભોજન કરતી વખતે અન્નદેવ મુખમાં વાસ કરે છે માટે મનુષ્યને ઉચીત છે કે મુંગે મોઢે ભોજન કરવું. કેમકે બોલવાથી કોઇ વખત સારૂં માઠું બોલાઇ જાય તો અન્નદેવતાના શ્રાપથી આ જન્મમાં દરિદ્રપણાને પામે છે. માટે મનુષ્યે એકચીત્તથી પલાંઠીવાળી અન્નદેવતાની મોટાઇ માનીને ભોજન કરવું જેથી અન્નદેવતા પ્રસન્ન થંઇ આશીષ આપે છે.

આ સાંભળ અર્જુને પ્રશ્ન કર્યો કે હે જગદીશ જગતગુરૂ! ભોજન કરતી વખતે કોઇને કાંઇ કહેવું પડે અથવા બોલવું પડે તેનું કેમ કરવું? ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે જો બોલવાની જરૂર પડે તો પાંચ ગ્રાસ ખાઇને આચમન કરી જે કામ હોય તે કરવું પણ કોઇની નીંદા કે બુરૂં કામ કરવાને કહેવું નહી.

શિક્ષા ૨૧ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાની અર્ધાંગી (સ્ત્રી) ને ખોટા આચરણોવાળી સમજી તેની નીંદા કરે અથવા દુઃખ આપે અને પોતે પણ અંતઃકરણમાં દુઃખી રહે તે મનુષ્ય પશુ સમાન જાણવો અને આવા કલેશથી સંસારમાં અપકીર્તી પામી અંતકાળે નર્કનો અધીકારી થાય છે કેમકે પોતાની સ્ત્રીના સંગથી જે પુત્રની ઉત્પત્તી થાય છે તે વખતે તે મનુષ્યના પિતૃદેવ નીચ કર્મથી નર્કના અધીકારી થયા હોય તો તે પોતાના વંશમાં પુત્રની ઉત્પત્તીથી મુક્ત થઇ વૈકુંઠમાં વાસ કરે છે અને પ્રસન્નતાથી તે પુત્રને આશીર્વાદ આપે છે. આવા કારણથી પોતાની પરણેલી સ્ત્રીને હંમેશા પ્યાર તથા પૈસાથી પ્રસન્ન રાખવી તે એવી રીતે કે સ્ત્રીના મનમાં એવું ભાસે કે મારા પતી સમાન મારો હીતકારી કોઇ નથી, કેમકે પરણેલી સ્ત્રી પાપ તથા પુણ્યની ભાગીદાર છે અને કદાચીત તે સ્ત્રીથી કોઇ અવીચાર્યું કામ થઇ જાય તો ડાહ્યા પુરૂષે ફરીથી એવું નહી કરવા માટે શીખામણ આપી પ્રસન્ન રાખવી તેમજ સ્ત્રીએ પણ પોતાનું પતિવૃત સાચવી પોતાના પતિને પરમેશ્વર સમાન જાણી તેની આજ્ઞાનું ઉલંઘન ન કરતાં સુખમાં તથા દુઃખમાં પ્રસન્ન રહી પરમેશ્વરે આપ્યું હોય તેમાં સંતોષ માની સારા શણગાર સજી કોઇ વાતે પોતાના પતીને કંટાળો ન આપતાં આનંદમાં રહેવું આથી પુરૂષને પોતાના ધંધારોજગારમાં સાવધાનપણેથી

સારી પ્રાપ્તી થાય છે. માટે આ પ્રમાણે સ્ત્રી પુરૂષ અન્યો-અન્ય પ્યારથી વર્તે તો આલોકમાં અપાર સુખ ભોગવી અંત-કાળે મોક્ષ પામી વૈકુંઠ ધામમાં પરમ આનંદથી વાસ કરે છે.

શિક્ષા ૨૨ મી–હે અર્જુન! દીપકના જ્યોતની અથવા સુર્યની ખોટી છાંયા જો મનુષ્ય ઉપર પડે તો તે દુષીત છે.

શિક્ષા ૨૩ મી–હે અર્જુન! જો મનુષ્ય માત્ર તંત્ર અને મુઠની અથવા બીજા કોઈ ઉપાયથી કોઈને મારવાનું કરે તો તે અંત કાળે બાર વરસ સુધી નર્કનો ભોગી થાય.

શિક્ષા ૨૪ મી–હે અર્જુન! રોટલા તથા રોટલી ઉપર ઘી ચોપડયા વિના ભોજન કરવું તે પ્રેત સંગે ભોજન કર્યા બરોબર છે. કારણ કે લુખા ભોજનમાં હંમેશાં પ્રેતનો વાસ રહેવાથી પ્રેત વિઘ્ન કરે છે. તેથી દરીદ્રી અવસ્થા થાય છે માટે મનુષ્યે હંમેશાં શક્તી પ્રમાણે ભોજનમાં ઘી વાપ-રવાથી પ્રેત બાધ કરી શકતું નથી.

શિક્ષા ૨૫ મી–હે અર્જુન! જે મનુષ્ય દીવાની જ્યોતમાંથી અગ્નિ સળગાવી રસોઇ અથવા બીજું કાંઇ કામ કરે તો તે દીપકના શ્રાપથી કષ્ટ પામે છે કારણ કે તે અગ્નિ ચિતા સમાન છે.

શિક્ષા ૨૬ મી–હે અર્જુન! જે મનુષ્ય પ્રાતઃકાળે અથવા સંધ્યાકાળે ઘરના ઉમરા ઉપર બેસે તો તેની સંપત્તીનો નાશ થઈ જતાં કરજમાં વધારો થાય છે.

શિક્ષા ૨૭ મી—હે અર્જુન ! જે મનુષ્ય પ્રાતઃકાળે ઝાડુ વાળી કચરો આંગણામાં રાખી મુકે છે તે લક્ષ્મીજીના શ્રાપથી સદા દરીદ્રી રહે છે.

શિક્ષા ૨૮ મી—હે અર્જુન ! જે મનુષ્ય તળાવ નદી અથવા બગીચાના કીનારા ઉપર કુદરતી હાજતે (ઝાડે) જાય તે બહુ કાળ નર્કમાં નીવાસ કરે છે.

શિક્ષા ૨૯ મી—હે અર્જુન ! જે મનુષ્ય એકાદશી વૃતનું ધારણ નહિ કરતાં અનાજ ખાય તો તેનું જીવવું પશુ સમાન સમજવું અને પાંચ હત્યાનો અધીકારી થઇ અંતકાળે નર્કમાં વાસ કરે છે તેટલા માટે મનુષ્યે એકાદશીનું વ્રત ધારણ કરી આખો દીવસ ભગવાનના ધ્યાનમાં મગ્ન રહી રાત્રીએ જાગરણ કરે તો મોટા મોટા પાપનો નાશ થાય છે, એટલુંજ નહી પણ પોતાના પીતૃદેવતાને પણ સ્વર્ગની પ્રાપ્તી થાય છે. આ શીક્ષા સાંભળીને અર્જુને પ્રશ્ન કર્યો કે હે ભયભંજન દીનદયાળ ! કોઇ વખત ભુલેચુકે વૃતને દિવસે અનાજ ખવાય તો એ પાપથી શી રીતે છુટાય ? શ્રીકૃષ્ણ-જીએ કહ્યું હે અર્જુન અનાજ ખાતી વખતે વૃત છે એમ જાણવામાં આવે તો ફરીથી શ્વાસ નહી ભરતાં વૃત ધારણ કરે છે તેના વૃતનું ફળ પુર્ણ પ્રાપ્ત થાય છે અને તેના પિતૃદેવ પણ સુખી થાય છે કદાચ કોઇ મનુષ્ય નીરજન વૃત ન રાખી શકે તો ફક્ત ગાયના દુધથી અથવા ફળ

આહાર કર્યાથી પણ વૃતનું ફળ પરીપુર્ણ પામે છે વળી આ વાત ઉપર પણ ચોખા અથવા લુણ (મીઠું) ખાવું નહી. આજારી માણસે પણ એકાદશીને દીવસે ચોખા અથવા લુણ (મીઠાનો) ત્યાગ કરવો તેમજ રવીવારે પણ મીઠાવાળું ભોજન ખાવું નહી. આવી ઉત્તમ શિક્ષા શ્રીકૃષ્ણના મુખથી સાંભળી અર્જુન મહા શોકસમુદ્રમાં આ ગુપ્ત વાતથી કંપીત થઇ ડુબી ગયો ત્યારે શ્રીકૃષ્ણે તેને સોચ અવસ્થામાં જોઇ અતી દયાથી તેના મનનો કલેશ મટાડી આજ્ઞા કરી કે હે અર્જુન! તારાથી આજ સુધી ઉંચ નીચ કર્મ બન્યાં તેને માટે આ ગુપ્ત ભેદ તારા આગળ પ્રગટ કર્યો તેને તું તન-મનથી અંગીકાર કર. આ આજ્ઞા સાંભળીને અર્જુને શ્રી ભગવાનના પગમાં મસ્તક નમાવી સ્તુતી કરી કે હે મધુસુદન વ્રજભુષણ નંદના નંદ! મનમોહન! અધમ ઉધારણ શ્રી મહારાજ! આ સંસાર સાગરથી પાર ઉતરવા નૌકારૂપ આ શીક્ષાઓનો મહીમા ગાતાં શેષાદિ દેવતાઓ પણ પામી શક્યા નથી હે નાથ! મારી રક્ષા કરો અર્થાત કાંઈ આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણે અર્જુનને પરમ ભક્ત જાણી નીચે પ્રમાણે બીજી આજ્ઞા કરી છે.

શિક્ષા ૩૦ મી–હે અરજુન! જે મનુષ્ય રજસ્વલા સ્રીથી મૈથુન કરે તે આ સંસારમાં તેના પાપથી તેનું શરીર હુંમેશ રોગી રહે અને અંતકાળે હજાર વર્ષ સુધી નરક

ભોગવે કારણ કે રજસ્વલા સ્ત્રી પહેલે દીવસે બ્રહ્મહત્યારી, બીજે દીવસે ચંડાલણી, ત્રીજે દીવસે ધોબણના સમાન છે માટે ત્રણ દીવસમાં તેના લુગડાને અડકવાથી તથા તેનું મોઢું જોવાથી પાપ લાગે છે અથવા તેના હાથથી ભોજન કરે તો તો આખી ઉંમરમાં કરેલા પુણ્યદાનનો નાશ થાય છે એટલા માટે ત્રણ દીવસ રજસ્વલા સ્ત્રીથી દુર રહી ચોથે દીવસે સ્નાન કરી શુદ્ધ થયા પછી પુરૂષે સ્ત્રીનો સમાગમ કરવો અને તે દિવસે જો સમાગમ ન કરે તો પુરૂષને હત્યા લાગે છે એવું સાંભળીને અરજુને પ્રશ્ન કર્યો કે સ્ત્રીનો પતી પરદેશ ગયો હોય તો તે પાપથી શી રીતે મુક્ત થાય? ભગવાન બોલ્યા કે કદાપી પુરૂષ ઘેર ન હોય તો સ્ત્રીએ સ્નાન કરી સૂર્ય સન્મુખ રહી પોતાના સ્વામીની સુરતને મનરૂપી આરશીમાં જોઇ લે તો તેનો પતી આ પાપથી મુક્ત થાય છે.]

શિક્ષા ૩૧ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાના જીવને કાંઇ ઉત્તમ પ્રકારના પદાર્થ ઉપર ઇચ્છા અટકાવી તે પદાર્થથી વિમુખ રાખે તો તે માણસ આ જન્મમાં સદા દરીદ્રી રહે છે, અને મરણ પાછળ પણ તેના જીવને મુકતી મળતી નથી આવુ શ્રી ભગવાનનું વચન સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ! નીરધન મનુષ્ય પોતાના જીવની ઇચ્છા પરીપુર્ણ શી રીતે કરી શકે? ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે નીરધન માણસ પોતાના જીવની પ્રસન્નતા માટે રવીવારે અથવા જન્મ

નક્ષત્રના દીવસે અથવા અમાવાસ્યાને દીવસે પોતાની મરજી મુજબ મનમાન્યા પદાર્થોનું ભોજન કરે તો ઇશ્વર તેની મનકામના સદાય પુર્ણ કરે.

શિક્ષા ૩૨ મી—હે અરજુન ! જે મનુષ્યે કાંઇ વસ્તુ કોઈને ધર્માદા તરીકે આપી હોય અને પાછી લે અથવા પોતાના મનમાં કોઇ વસ્તુ ધર્માદા આપવી કરીને જો તે પછી ન આપે તો તે માટે પાપી થાય છે અથવા કોઇની ઉછીતી કોઇ કારણથી વસ્તુ પચાવી જાય તે આ જન્મમાં અપકીર્તી પામી બીજા જન્મમાં સહસ્રગણું આપતાં પણ પાપના બંધનથી છુટતો નથી, માટે મનુષ્યને ઉચીત છે કે મોઢથી બોલીને ફરી જવું નહિં.

શિક્ષા ૩૩મી—હે અર્જુન ! જે માણસ પોતાની છોકરીનું લગ્ન પૈસા લઇને કરે છે તે મહા પાતકી થાય છે અને તે પાપના ફળથી નિર્ધન થઇ દરીદ્ર અવસ્થાને પામે છે એટલુંજ નહી પણ તેના પીતૃદેવ શ્રાધ્ધથી પણ વિમુખ રહી નર્કમાં વાસ કરે છે.

શિક્ષા ૩૪ મી—હે અર્જુન ! મનુષ્યને ઉચીત છે કે કોઈએ કાંઇ વસ્તુની માગણી કરી હોય અને તે આપણી પાસે હોય તો તે આપવી કેમકે તેથી અશ્વમેધ યજ્ઞ કર્યા સરખુ પુણ્ય થાય છે.

શિક્ષા ૩૫ મી—હે અર્જુન ! જે માણસ ઈશ્વરે આપેલી

બક્ષીસ ઉપર સંતોષ ન માનતાં બીજાની અપેક્ષા કરે છે તે સદાકાળ દુઃખી અવસ્થામાં રહે છે એટલા માટે મનુષ્યે સંતોષ રાખવો. કેમકે સંતોષી સદા સુખી.

શિક્ષા ૩૬ મી–હે અર્જુન! જે મનુષ્ય પોતાની મનકામના સિદ્ધ કરવા ચાર પાયાના આસન (ખુરસી, ખાટલો વિગેરે ઉપર બેસીને પરીબ્રહ્મ જગદીશ્વરનું પૂજન કરે તો તે અફળ જાય છે એટલા માટે ભોંય ઉપર એકાંતમાં પવિત્ર આસન જેવા કે દર્ભાસન, પુર્વ ભણી મુખ રાખી એક ચિત્તે પરમાત્માનું સ્મરણ પૂજનમાં મન લગાવે તો તે ફળદાયક છે.

શિક્ષા ૩૭ મી–હે અર્જુન! જે મનુષ્ય તીર્થકાંઠે જઇ પરસ્ત્રીને કુદૃષ્ટિથી નીહાળે તો તે પાપની મુકતી કોઈ જગ્યાએ થતી નથી અને અંતકાળે યમદુત તે પાપીને નર્કમાં લઇ જઈ લોઢાની તપાવેલી સીખો તેની આંખોમાં ખોસે અને અનેક પ્રકારનાં દુઃખ આપે છે એ સાંભળી અર્જુને વિનંતી કરી કે હે જગતગુરૂ અંતર્યામી કૃપા કરી કાંઈ બીજી પણ લાભકારી શિક્ષાનો ઉપદેશ કરો કે જેથી મનરૂપી મહેલમાં જ્ઞાનરૂપી દીવાનો ઉજાસ થાય.

શિક્ષા ૩૮ મી–હે અર્જુન! જે મનુષ્ય ગંગાસ્નાન કરવા જતી વખતે પગમાં પગરખાં પહેરી જાય તો તે સ્નાનનું ફળ પામતો નથી.

શિક્ષા ૩૯ મી–હે અર્જુન! જે મનુષ્ય ચાર ભાઇઓની

વચમાં બોલીને ખાવાનુ મંગાવે અને તે બીજાઓને ન આપતાં એકલો ખાય તો તે પાપથી મુકત થતો નથી પણ આ વાતનો ગરીબને દોષ નથી.

શિક્ષા ૪૦ મી—હે અર્જુન ! જે મનુષ્ય રવીવારે દ્વાદસીએ તથા અમાવાસ્યાના દીવસે ખીચડી ખાય તો પાપના બંધનથી બીજા ઉત્તમ પદાર્થોથી વિમુખ રહે છે, અને તેની પ્રજા (પુર્વ) જીવે નહી.

શિક્ષા ૪૧ મી—હે અર્જુન ! બારસને દીવસે પુરાણ વાંચવાથી સાંભળવું અયોગ્ય છે, માટે તે દીવસે શ્રી વ્યાસ મુની આખો દહાડો પરીબ્રહ્મ પરમાત્મના પુજનમાં ધ્યાન રાખી બેસે છે તેથી જો કોઈ પુરાણ વાંચે તો તે ધ્યાનમાં ચલાયમાન થાય છે.

શિક્ષા ૪૨ મી—હે અર્જુન! રવીવારે અથવા વ્રત ધારણને દીવસે દર્પણમાં મુખ જોવું અયોગ્ય છે.

શિક્ષા ૪૩ મી—હે અર્જુન! જે ખાટલા ઉપર ધણી ધણીઆણી સુતા હોય તે ખાટલા ઉપર બીજાએ સુવું અથવા બેસવું નહી આ દોષ સુનારા ધણી ધણીયાણીથી મોટા હોય તેનેજ લાગે છે, પણ બાળકોને બાધ કરતા નથી.

શિક્ષા ૪૪ મી—હે અર્જુન ! જે માણુસ તલની ચોરી કરે તે મહા પાતકી થાય છે એટલુંજ નહી પણ કોઇ તલ ખવરાવે તો તે ખાવામાં પણ દોષ છે, આ સાંભળી અર્જુને

પ્રશ્ન કર્યો કે હે મહારાજ કોઈ સગુંવહાલું તલ ખવરાવે તો તે શી રીતે ખાવા? ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે ભોજનના બદલામાં કોઇને તલ ખવરાવવા નહી પણ બ્રાહ્મણને આપવા જેથી પુણ્ય થાય.

શિક્ષા ૪૫ મી–હે અર્જુન! જે માણસ લાઘવી (પીસાબ) કરીને પાણી લઇ હાથ પગ ધોતા નથી ને અપવીત્ર રહે છે અને તેથી તેને સદ્‌કર્મનું ફળ મળી શકતુ નથી.

શિક્ષા ૪૬ મી–હે અર્જુન! જે મનુષ્ય એકાગ્ર ચીત્ત રાખી કથા વાર્તામાં ધ્યાન રાખે તે વૈકુંઠમાં નાના પ્રકારનાં સુખ ભોગવે છે.

શિક્ષા ૪૭ મી–હે અર્જુન! જે મનુષ્ય અનામત વસ્તુને પોતાના કબજામાં લે તે અનેક પ્રકારના દુઃખ ભોગવી અંતકાળે નરકનો અધીકારી થાય ને તેની સ્રીને વાંઝીયાપણું ભોગવવું પડે.

શિક્ષા ૪૮ મી–હે અર્જુન! જે મનુષ્ય પોતાની પરણેલી સ્રીનો ત્યાગ કરે અથવા ગાયના ટોળામાં જઇ વિના કારણે મૈથુન કરતાં ગાયને ડરાવી નસાડે તો તે નર્કનો અધીકારી થાય છે તેમજ તેનો વંશ ઘેલો–ગાંડો થાય છે.

શિક્ષા ૪૯ મી–હે અર્જુન! જેનો લેણદાર તગાદો કરી બારણામાં બેઠો હોય તે વખતે કરજદાર માણસ જો ઘરમાં રહી અન્ન જલ લે તો તે અપરાધી થવાથી આખો જન્મ

દરીદ્ર રહે છે.

શિક્ષા ૫૦ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાના કુટુંબની અથવા નાતની નિંદા કરે છે તો તે પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૧ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાની બડાઇ કરે અથવા બીજાને મોઢેથી સાંભળીને મલકાઇ જાય તેને મુર્ખ જાણવો, એટલુંજ નહિ પણ અંતકાળે નરકનો અધીકારી થાય છે માટે મનુષ્યને ઉચીત છે કે સ્વગુણ મુખથી ગાવો નહી.

શિક્ષા ૫૨મી—હે અર્જુન! જે મનુષ્ય બગીચા અથવા તળાવની પાળને તથા વૃક્ષના મુળને વગર વીચારે ઉન્મત થઈને તોડી પાડે અથવા શીખેલી વિદ્યા ઉપર ધ્યાન ન રાખતાં અનીતીથી ચાલે છે તો તે પાપથી મુકિત ના પામતાં અંતકાળે નર્કમાં જાય છે.

શિક્ષા ૫૩મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાના પાળેલા જનાવરને ભૂખ્યા રાખે અથવા નિર્દયપણે હદથી જાદે મહેનત કરાવે તેને મોટો પાપી જાણવો. આવા પાપથી ધન, સંતાનનું સુખ ન પામતાં આગલા જન્મમાં વ્યંઢળ અથવા નપુંસક થાય કદાચિત પુન્યના પ્રતાપથી તેમ નહી બને તો તે પાપથી તેની પ્રજા તો અવશ્ય નપુંસક થાય એમાં કાંઇ પણ સંદેહ જાણવો નહિ.

શિક્ષા ૫૪મી—હે અર્જુન! જે માણસ રૂપીયાને બદલે

જમીન કબજે રાખે છે તો તે પાપથી આંખે આંધળો થઇ સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૫મી—હે અર્જુન! જે મનુષ્ય વડીલો પાસે જુઠું બોલે છે તે દોષિત થાય છે.

શિક્ષા ૫૬મી—હે અર્જુન! જે ચારો ચરતી ગાયને હાંકી કહાડે છે તે પાપના બંધનથી પુત્રનું સુખ પામતો નથી.

શિક્ષા ૫૭મી—હે અર્જુન! જે માણસ શુદ્ધ સ્થાનમાં જઇને અસામર્થ્યપણું દેખાડી પોતાના સ્વામીને એકલો મુકી નાશી જાય તે કોઢીઓ થાય છે એટલુંજ નહી પણ અંતકાળે રૌ રૌ નર્કમાં પડે છે.

શિક્ષા ૫૮મી—હે અર્જુન! જે માણસે તીર્થકાંઠે જઇ પોતાની સ્રી સહિત (એક વસ્રે) સ્નાન કર્યું નથી તેનું જીવવું પશુ સમાન છે માટે મનુષ્યને ઉચીત છે કે એક વખત તીર્થકાંઠે જઇ સ્રી સહિત એક વસ્રે સ્નાન કરી અશ્વમેઘ યજ્ઞ કર્યાનું પુણ્ય થાય છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે અંતરજામી દીનબંધુ, આપે આજ્ઞા કરી તે અતી ઉત્તમ છે પરંતુ તિર્થકાંઠે જવા માટે પૈસા ન હોય તેવા માણસને અથવા શરીરે અશક્ત થએલા માણસે શું કરવું ઉચિત છે તે કૃપા કરી કહો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને આજ્ઞા કરી કે હે અર્જુન! તેવા મનુષ્યે અમાવાસ્યા, પુર્ણિમા, જન્મ નક્ષત્ર, સિદ્ધીયોગ અથવા વ્યતીપાતાદી શુભ વારે

પોતાની સ્ત્રી સહિત તળાવ, નદી, હોજ, કુંડ અથવા પોતાને ઘેર સ્નાન કરી શક્તિ પ્રમાણે પુણ્યદાન કરે એથી તીર્થસ્થાનથી પણ અધિક ફલને પામે છે અને થયેલાં પાપોથી મુક્તિ પામી વૈકુંઠમાં વાસ કરે છે. હે અર્જુન! આ શિક્ષા વેદમાં ગુપ્ત રહી છે, અને દેવતા પણ જાણવાને અશક્ત છે પરંતુ હું તને મારો પરમ ભકત જાણી તારા હીત માટે કહું છુ.

શિક્ષા ૫૯મી–હે અર્જુન! જે મનુષ્ય બીજાની એબ ઉઘાડી કરે તે રૌ રૌ નર્કમાં પડે છે.

શિક્ષા ૬૦મી–હે અર્જુન! જે દીવસે ગાય વાછરડાને જન્મ આપે છે તે દીવસથી ૮૦ દીવસ સુધી ગાયને દોહી વાછરડાને ન પાતાં પોતાના ઉપયોગમાં દુધ લે છે તો તે પાપથી સંતાનનું સુખ ન પામતાં ઘણા વર્ષ નર્કમાં વાસ કરે છે.

શિક્ષા ૬૧મી–હે અર્જુન! જે માણસ પોતાના કુટુંબનો દ્રોહ કરી જીવથી મારી નાખે છે અથવા ભુંડું ઇચ્છે છે તે મોટો પાપી જાણવો.

શિક્ષા ૬૨મી–હે અર્જુન! જે મનુષ્ય બીજાનો હીસ્સો પોતાના કબજામાં કરે તો તેની સ્ત્રી દુરાચારણી થાય પોતે જન્મભર દરિદ્રાવસ્થા ભોગવે અને સંતાનથી વિમુખ રહે. કદાચ પુત્ર આવે તો તે મરી જાય છે અને જો પુત્રી આવે અને જીવે તો તે વિધવા અવસ્થા થઇને પોતે ચાર જન્મ સુધી અંધ અવસ્થા ભોગવે તે પછી યમના દુત લોહાના

તપાવેલા થાંભલા વડે બાંધીને તેને મારે છે.

શિક્ષા ૬૩મી–હે અર્જુન! જે મનુષ્ય સુર્ય અથવા ચંદ્ર ગ્રહણના ઘેરાવા વખતે ખાય, પાણી પીયે અથવા પીસાબ કરે તો તે સુર્ય ચંદ્રના શ્રાપથી ધન તથા સંતાનનું સુખ પામતો નથી.

શિક્ષા ૬૪મી–હે અર્જુન! દીશાએ જવા માટે લીધેલ પાણીમાંથી બાકી રહેલા પાણીએ હાથ પગ ધોવે તો દોષ લાગે છે અને તેના કુટુંબને પ્રેત બાધ કરે છે કેમકે એ પાણી પ્રેતના ભાગનું કહેવાય છે માટે તે લેવું નહી.

શિક્ષા ૬૫મી–હે અર્જુન! સંતાનહીન પુરૂષનું જીવવું વ્યર્થ છે કારણ કે શ્રાદ્ધ તર્પણથી વિમુખ રહે છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે સ્વામી પુત્રહીણ માણસને કોના હાથથી શ્રાદ્ધ તર્પણ પહોંચે તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે હે અર્જુન! આ વાત ગુપ્ત છે તો પણ તને હું મારો પરમ ભકત જાણી કહું છું કે પુત્રહીન પુરૂષની સ્ત્રી સુશીલ ધર્મ પાળવાવાળી હોય અને તે પ્રીતી-ભાવથી શુદ્ધ શ્રાદ્ધ તર્પણ કરે તો તેના પતીને પહોંચે છે અને આવી પતીવૃતા સ્ત્રીના સારા કર્મથી સાતે પેઢીના પીતૃઓ વૈકુંઠમાં વાસ કરે છે અને તેનો પતી પણ પોતાના પાપ કર્યાથી જો નર્કમાં પડયો હોય તો તે પણ વૈકુંઠને પામે છે.

શિક્ષા ૬૬મી–હે અર્જુન! દ્વાદશી અમાવાસ્યા તથા રવી વારે જે મનુષ્ય શરીરે તેલ લગાવે છે તે દોષીત થાય છે.

શિક્ષા ૯૭મી–હે અર્જુન ! કોઇ પણ માણસે પોતાના આંગણામાં વડ અથવા પીપળાનું ઝાડ રાખવું નહી અને હોય તો તેનું ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ, ધુપ દીપ જળ વીગેરેથી પુજન કરવું. કારણ કે પીતૃદેવ પ્રતીદીન એકવાર પોતાના પરીવારને ઘેર આવે છે તો તે વડ પીપળામાં રહેલા ભુત, પીશાચ, પ્રેતાદીકના ડરવાથી નાસી જઇ શ્રાપ આપે છે અથવા પીતૃ નીમીત્તે જે કાંઇ બ્રહ્મભોજન કરાવે તે પીતૃદેવને નહી પુગતાં ઉપલા કારણથી નીષ્ફળ જાય છે તેથી તે સદા નીર્ધન થઇ દરીદ્રી અવસ્થા ભોગવે છે માટે ઘર આગળ પીપળો અથવા વડનું વૃક્ષ રાખવું નહી તેમજ તેની નીચે દીવો રાખવો પણ અશુભ છે.

શિક્ષા ૯૮મી–હે અર્જુન ! જે મનુષ્ય દેહ અતી કઠીનતાથી પુર્વના પુન્યે પ્રાપ્ત થાય છે. તેથી આ અમુલ્ય દેહને ગળામાં ફાંસો નાંખવો અયોગ્ય છે કારણ કે પોતે દરેક માણસના માથાની ચોટલી પોતાના હાથમાં રાખી છે તેથી તે પોતાની ખુશી મુજબ દેહમાંથી જીવને ખેંચી લે છે પણ માણસથી જાણી શકાતું નથી કે આપણું મોત કયારે થશે. બાળ અવસ્થામાં તથા યુવાવસ્થામાં ઇશ્વર આરાધન વૃદ્ધ અવસ્થામાં કરીશું એમ માનવું એ ભુલ ભરેલું છે, માટે મનુષ્યને ઉચીત છે કે કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર વગેરે વગેરે દુર્ગુણ તજીને ઇશ્વરે જે આપેલું તેમાં સંતોષ

માની હર્ષ શોક, હાની, લાભ સરખી જાણી સર્વ જીવને પુર્ણ બ્રહ્મ પરમેશ્વર સમાન જાણી સદા સચ્ચિદાનંદ નારાયણના ચરણાર્વિંદમાં–મન લગાવી પ્રસન્નતાથી સ્મરણ કરવું કેમકે માતા પીતા–ભાઈ તથા સગાંવહાલાં કોઇ પણ સહાય કરતાં નથી માત્ર પોતાના સુકર્મથી સહાયતા મળે છે.

શિક્ષા ૬૯મી–હે અર્જુન! જે મનુષ્ય પ્રતિદીન પીપળાને પાણી ન રેડે અથવા પખવાડીએ મહાદેવનું વ્રત પુજન કરે નહિ તો તે સદા નિર્ધનતાથી દુ:ખી રહે અને તેનું જીવવું શિયાળના જેવું છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે વાસુદેવ! જગતગુરૂ! જો કોઇ મનુષ્યથી નીત્યનીયમ ન રહે તો તેણે શું કરવું. ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે શનીવારને દીવસે પીપળાના મુળમાં બ્રહ્મા, છાલમાં વિષ્ણું, ડાળીઓમાં મહાદેવ, પાંદડે પાંદડે તેત્રીસ કરોડ દેવતાનો વાસો રહે છે તેથી તે દીવસે પીપળાનું પુજન કરવું તે પુજનની વીધી કહું છું તે સાંભળ. સઘળાં તીર્થો (ગંગાજળ, સમુદ્રંજળ, દહી, સાકર, મધ) સહીત પુજન કરી પ્રદક્ષીણા કરી, શક્તિ પ્રમાણે પીપળાના વૃક્ષ નીચે બ્રહ્મભોજન કરાવી પોતે પણ કરે તો પુણ્યના પ્રતાપથી દેવતાઓના આશીર્વાદ પામી ધન સંતાનથી સુખ પામે અને અંતકાળે જમના દુતો તેનાથી ડરી નાસી જાય. આ રીતે પીપળાનું પુજન તીર્થસ્નાન યજ્ઞના ફળની બરોબરી કરનારૂં છે. હવે મહાદેવના પૂજનની વીધી આ

પ્રમાણે કરવી મહા મહીનાની કૃષ્ણ ચતુર્દશીએ મહાદેવનું વ્રત ધારણ કરી રાત્રીનું જાગરણ કરી ચાર વેદના મંત્રોથી તીર્થો (દુધ, સાકર, ઘી, ગંગાજળ મધ આદી) મહાદેવને સ્નાન કરાવી વીધીપૂર્વક પૂજન કરે તો એ થએલા પાપનો નાશ થઇ શિવલોકમાં વાસ પામી મનકામના પુર્ણ થાય છે. કદાચ આ વ્રત પુરૂષ ન રાખી શકે તો તેની સ્ત્રી આવી રીતે વ્રત રાખે અને મહાદેવની પ્રીતિ સાથે પુજા કરે તો આ વ્રતનું ફળ બધા વ્રત કરતાં પરિપુર્ણ મળે. અર્જુન આવા શીક્ષારૂપ વચનો સાંભળી પ્રસન્નતાથી વિનયપૂર્વક દંડવત કરી બોલ્યા કે હે દીનદયાળ! આપના મુખથી આવી શિક્ષા સાંભળી મારી બુદ્ધિ વૃદ્ધિ પામે છે. તે સાંભળી શ્રી ભગવાને કહ્યું કે હે અર્જુન! આ પ્રમાણેની બોધરૂપી શીક્ષાઓ વીસ્તારીને જે તારી આગળ કહું છું તે તું ચીત્ત લગાડીને સાંભળ.

શિક્ષા ૭૦મી–હે અર્જુન! જે કોઇ મનુષ્ય સ્નાન કરી ઉમરડા અને મહુડાના ઝાડ નીચે જાય તો સ્નાનના ચોથા ભાગનું ફળ તે ઝાડને જાય છે. એ સાંભળી અર્જુને તેનું કારણ પુછતાં શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જ્યારે નરસિંહ અવતારે પોતાના નખથી હિરણ્યાક્ષનું પેટ ફાડયું ત્યારે નરસિંહના નખમાં બળતરા થવા લાગી તેવામાં નરસિંહને ઉપલાં બે વૃક્ષો નજરે પડયાં તેનાં પાંદડાં નખે લગાવાથી બળતરા મટી અને આરામ થયો ત્યારે નૃસિંહજીએ પ્રસન્ન થઇ પેલા બે

વૃક્ષોને વરદાન આપ્યું કે જે કોઇ માણુસ સ્નાન કરીને તમારી નીચે આવશે તેના સ્નાનના ફળનો ચોથો હીસ્સો તમને પ્રાપ્ત થશે એ સાંભળીને અર્જુને પુછયું કે હે શ્રી કૃષ્ણ પરમાત્મા! કોઈ માણુસ ગફલતથી તે ઝાડ નીચે જાય તો તેમાંથી શી રીતે બચે. ત્યારે શ્રીકૃષ્ણજીએ કહ્યું કે તે ઝાડ નીચે જનારૂં માણુસ ત્રણ વખત શ્રી નૃસિંહ અવતારનું નામ લે તો તેના સ્નાનનું ફળ વૃક્ષને નહિ જતાં પોતાને પ્રાપ્ત થાય.

શિક્ષા ૭૧મી–હે અર્જુન! ને મનુષ્ય સ્નાન કર્યા પછી ખાટલા ઉપર બેસે અથવા બહાર જઈને લોકોને અડકે તો તેને ફરી નાહવું જોઈએ પણ સ્નાન કરી જમીને બહાર જાય તો તો તેને દોષ લાગતો નથી.

શિક્ષા ૭૨મી–હે અર્જુન જે મનુષ્ય આંબાનું ઝાડ કાપે તેને મહા દોષ છે અને જો આંબાનાં દસ ઝાડ કાપે તો એક બ્રહ્મહત્યાના દોષની બરાબર છે માટે કોઈ મનુષ્યે આંબાના ઝાડને કાપવું નહી અને જો કોઇ ઝાડ રોપીને બાગ કરાવે અથવા જાતે કરે તો તેને યજ્ઞના ફળની બરોબર ફળની પ્રાપ્તી થાય અને જો બાગ (વાડી) કરવાની શકિત ન હોય તો જળવાળા ઉત્તમ સ્થાન ઉપર પાંચ વૃક્ષ રોપે તો તે વૃક્ષની આશીષથી અંતકાળે મોક્ષગતિને પામે.

શિક્ષા ૭૩મી–હે અર્જુન! જે મનુષ્ય પોતાને ઘેર

તુલસીનું ઝાડ વાવે અને હમેશાં સ્નાન કરી તુલસીને જળ, ચંદન, અક્ષત, પુષ્પ, નૈવેદ, ધુપ, દીપ વીગેરેથી પ્રતીદીન, પુજા કરે તો તેના ઘેર જમના દુતો નહી આવતાં લક્ષ્મીજી પ્રસન્ન થઇ ઘરમાં વાસ કરી સુખમાં વૃદ્ધિ કરે છે તેમજ અશ્વમેઘ કર્યા જેટલું ફળ થાય છે અને જો હંમેશાં તુલસીની પૂજા કરવી બને નહી તો અષાડ આસો કારતક માસના દરેક દીવસે પુજા કરે તો તેનું ફળ યજ્ઞના ફળની બરોબર મળે તેમજ કોઇ માણુસ આંબલીના ઝાડ નીચે બ્રાહ્મણને જમાડે તો તેનું પુણ્ય યજ્ઞની બરોબરી કરનારૂં છે પણ રવીવારે આંબલીના ઝાડની પુજા કરવી તેનો દોષ છે માટે તેમ ન કરવું.

શિક્ષા ૭૪ મી—હે અર્જુન! જે કોઇ પુરૂષ તીથી વાર નક્ષત્ર સમય વગર શ્રાદ્ધ કરે છે તે તેના પીતૃદેવતાઓને પહોંચતું નથી.

શિક્ષા ૭૫ મી—હે અર્જુન! જે મનુષ્યના ઘરમાં વાંઝણી સ્ત્રી હોય તેનું જીવવું પશુ સમાન છે. તેના હાથથી બનાવેલી રસોઇ પણ જમવી અયોગ્ય છે. આ કારણથી તેના મુખમાં દુર્ગંધી પેદા થાય છે. એવું સાંભળી અર્જૂને પ્રશ્ન કર્યો કે એવી સ્ત્રી ઘરમાં અથવા સગાંવહાલાંમાં હોય અને તે સ્ત્રી સીવાય બીજું કોઇ રસોઇ કરનાર ન હોય તો કેમ કરવું તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને કહ્યું

કે ભોજન કરવાને સમયે અનંત ભકિત પરબ્રહ્મ કમળનયન ધર્મ રક્ષકનું નામ લઈને પ્રાર્થના કરી કહેવું કે હે જગદીશ્વર અધમ ઉધારણ, ભયભંજન અઘમોચન તુંજ છે એવી રીતે શ્વાસે શ્વાસે નામ લઇને પૃથ્વી ઉપર જળની ધાર દઇ જયોતીસ્વરૂપનું ધ્યાન ધરી ભોજન કરે તો તેને બાધ ન લાગતાં ધન સંતાનની પ્રાપ્તી થાય છે.

શિક્ષા ૭૬ મી—હે અર્જુન! જળ પીવા માટે કોઈની પાસે માગણી કરી હોય અને જળથી ભરીને લોટો લાવે તો તે હાથોહાથ ન લેતાં જમીન ઉપર મુકાવી પછી પોતાને હાથે લઈને પીયે તો તેમાં દોષ નથી પણ હાથોહાથ લઇને પીયે તેમાં દોષ છે.

શિક્ષા ૭૭ મી—હે અર્જુન! જે મનુષ્ય ભોજન કરેલાં એઠાં વાસણો તરત સાફ ન કરતાં એમને એમ રાખી મુકે તો તે અન્નદેવતાના શ્રાપથી સદા દરીદ્રી રહી બહુ દુઃખ પામે છે.

શિક્ષા ૭૮ મી—હે અર્જુન! જે મનુષ્ય પોતાનું આંગણું લીપીગુપીને સાફ ન રાખે તો તે મહાદેવજીના તથા પોતાના પીતૃદેવતાના શ્રાપથી છઠે મહીને નીરાધાર થઇ અતી દુઃખ પામે, અને આ વાત પણ ધ્યાનમાં રાખવી કે પીતાના પાપથી પુત્ર દરીદ્રી થાય છે અને સ્ત્રીના પાપથી પુરૂષને મુકતી મળતી નથી. કદી પોતાના પુણ્યના બળે કરી સ્વર્ગની પ્રાપ્તી થઇ હોય તો તે નાશ થઇ જાય છે.

શિક્ષા ૭૯મી–હે અર્જુન! જે મનુષ્ય નદી તળાવ વીગેરે છોડીને ઘરમાં ગરમ પાણીએ ન્હાય છે તેનું નહાવું અશુદ્ધ છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે કોઈ ગામમાં નદી વીગેરે ન્હાવાના સ્થળો ન હોય તો તેનું કેમ? તે કૃપા કરી આજ્ઞા કરો. ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે જો ગરમ પાણીમાં હાથ બોળ્યા સિવાય સ્નાન કરે તો ગંગાસ્નાન જેવું શુદ્ધ છે. હે અર્જૂન! આવી આવી વાતોમાં બહુ ધ્યાન રાખવાની જરૂર છે પણ તે કોઇનાથી રાખી શકાતું નથી એજ મોટું આશ્ચર્ય છે. પરંતુ પરમાત્માની ભકત્તી કરીને મુકિત પામેલ એવા બુદ્ધિમાન પુરૂષો તો અવશ્ય ધ્યાન લગાવે છે. આ સાંભળી અર્જૂને બહુ શોચ કરી શ્રી કૃષ્ણ ભગવાનના ચરણાર્વિંદમાં શીશ નમાવી વીનતી કરી કે હે સચ્ચીદાનંદ વાસુદેવ! આપે આ આજ્ઞાઓ કરી તેમાંથી કેટલીક બને છે અને કેટલીક નથી બનતી તો તેના દોષથી મુકત કેમ થવાય તે કૃપા કરી આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણભગવાને અર્જૂનને બહુ શોચ કરતો જાણી દયાળુપણે આજ્ઞા કરી કેઃ—

–ઃ દુહો :–

વીતેલ વાતનો શોચ ન કરતાં ધીરજ મનમાં ધાર
ધ્યાન ધરો એટલાજ પર મટે પાપ નીરધાર.

શિક્ષા ૮૦મી–હે અર્જુન! જે મનુષ્ય સ્નાન કરી લલાટમાં તીલક કરતો નથી તેનું સ્નાન અફળ જાય છે તેમજ તીલક

કરવાથી યમના દુતો તીલક જોઇને ડરી જાય છે, અર્થાત જાસ્તી દુઃખ ન આપતાં લાજ આબરૂથી ધર્મરાજાની કચેરીમાં ખડા કરે છે.

શિક્ષા ૮૧મી—હે અર્જુન! મનુષ્ય કાયા કોઈ મોટા પુન્યના પ્રતાપે કહાચીત પ્રાપ્ત થાય છે તોપણ જીવને ભોજનની પ્રાપ્તી માટે અતી દુઃખ સોસતે પણ પ્રતીદીન પ્રાપ્તી થતી નથી તો પૂર્ણિમાને દીને તો અવશ્ય ભોજન કરવું ઉચીત છે અને તેથી મોટું પૂણ્ય થાય છે.

શિક્ષા ૮૨મી—હે અર્જુન! મનુષ્ય મસુર, ગાજર, લસણ અને કાંદા (ડુંગળી) આમાંની કોઇ પણ વસ્તુ ખાય છે તો તેનો સ્વર્ગમાં વાસ થવો દુર્લભ છે કારણ કે ઉપલી ચીજોનાં બી માણુસના પેટમાં એકવીસ દીવસ સુધી રહે છે અને આ એકવીસ દીવસમાં માણુસનું મૃત્યુ આવે તો તે નર્કમાં જાય છે. આ સાંભળી અર્જુને પ્રશ્ન કર્યો કે હે ત્રીલોકીનાથ જગતપાલન પ્રભુ કોઇ માણુસે ઉપલી વસ્તુમાંથી એકાદી વસ્તુ ખાધી હોય અને તરત માંદો પડતાં અંતકાળ પાસે આવે તો તેના દોષથી મુકત થવું તે કૃપા કરીને કહો, ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે જો તે માણુસ ગંગાજળનું પાન કરે તો તે દોષથી મુકત થાય છે અને આ કારણથી નર્કે જતો અટકે છે માટે કોઇ માણુસે ઉપલી વસ્તુમાંથી કોઈ પણ જાણી જોઇને ખાવી નહી.

શિક્ષા ૮૩ મી—હે અરજુન! જે મનુષ્ય દિવસ અને રાત્રીએ પોતાના ઘરમાં ઘીનો દીવો બળતો રાખે તો તેના ઉપર પિતૃદેવતા પ્રસન્ન થઇ દિનપ્રતિદિન આશીશ આપી ધન સંતાનમાં વૃદ્ધિ કરે તેમજ આગળ ભવમાં તે મનુષ્ય પરમેશ્વરની અતિ કૃપાએ કરી ઘણું સુખ પામી અંતકાળે મોક્ષપદને પામશે અને સુખ ભોગવશે.

શિક્ષા ૮૪ મી—હે અરજુન! જે માણસ ભોજન કરતાં પડી રહેલી જુઠ (જમતાં પડી રહેલું ભોજન) તેનું બીજી વખત ભોજન કરે અગર તે બીજા કોઇને ભોજન કરાવે તો આ મહા દોષથી નિશ્ચય દરીદ્રિ અવસ્થાને પામે.

શિક્ષા ૮૫ મી—હે અરજુન! મનુષ્ય રાત્રીએ અંધારામાં ભોજન કરે અથવા કરતી વખત દીવો બુઝાઇ જાય તો પણ જમવું ચાલુ રાખે તો આ દોષના કારણથી ધન સંતાનનું સુખ નહી પામતાં દુઃખી રહે. અંધારે જમવું તે પ્રેતની સાથે જમ્યા બરોબર છે.

શિક્ષા ૮૬ મી—હે અરજુન! જે મનુષ્ય પોતાને માથે મુકવાની બાંધેલી પાઘડી બીજાને માથે મુકવા આપે તો તેનો બહુ દોષ છે કારણ કે પાઘડી આપનારની બુદ્ધિમાં ઘટાડો થાય છે અને પાઘડી લેનારની બુદ્ધિમાં વધારો થાય છે.

શિક્ષા ૮૭ મી—હે અરજુન! જે મનુષ્ય દક્ષિણ દીશા સામું મોઢું રાખી સુવે છે તેને તેમ સુવામાં ઘણો દોષ છે.

શિક્ષા ૮૮ મી–હે અરજુન ! ચાર વરસની છોકરી તે પારવતી સમાન અને છ વરસની તો કન્યા કહેવાય છે તેવે વખતે જો વીવાહ કરે તો મોટા યજ્ઞ સમાન ફળ પ્રાપ્ત થાય છે. જેઓ બાર વર્ષની કન્યાવયે પહોંચ્યા છતાં લગ્ન કરતા નથી તો તેને મોટો દોષ લાગે છે માટે કન્યાને બાર વરસની અંદર પરણાવવી.

શિક્ષા ૮૯ મી–હે અરજુન ! જે માણુસ માથે પાઘડી અને કમરમાં ધોતીયું પહેરીને કચ્છો વાળે તો આ ભવમાં જેટલું પુણ્યદાન કર્યું હોય તેનું ફળ મળતું નથી અને તેના પાપે કરી અંતકાળ વખતે નરકમાં જાય છે તેમજ તેના પીતૃદેવતા જેઓ સ્વર્ગમાં હોય છે ત્યાં નહી રહેતાં નરકમાં વાસ કરે છે કારણુ કે તેના પગ પૃથ્વીપર મુકવા તે ગાયના શરીર ઉપર મુકવા બરોબર છે.

શિક્ષા ૯૦ મી–હે અરજુન ! જે મનુષ્ય રાત્રીનું વાસી રહેલું જળ જે બીજે દીવસે શ્રાદ્ધ કે તરપણુના ઉપયોગમાં લીયે તો તે લોહીમાં તરપણુ કર્યા બરોબર, વાશી જળે તરપણુ કર્યાથી માણુસ ઘોર નરકમાં જઈ લોહીના કુંડમાં વાસ કરે છે માટે વાસી જળથી તરપણુ કોઈએ કરવું નહી.

શિક્ષા ૯૧મી–હે અર્જુન ! મનુષ્યોએ પોતાના હાથ કાન તથા ગળામાં સોનું પહેરવું એ મહા પવીત્ર છે કારણુ કે જે જળ સોનાથી અડીને આપણા શરીર ઉપર પડે છે

તે જળને ગંગા નદીના જળ સમાન જાણવું.

શિક્ષા ૯૨મી–હે અર્જુન ! જે મનુષ્ય ગંગા આદી તીર્થોમાં નહાયા પહેલાં પોતાનું ધોતીયું ધુવે તો તેને દોષ લાગે છે.

શિક્ષા ૯૩મી–હે અર્જુન ! જે મનુષ્ય તીર્થ કરવા જાય તેણે પહેલાં સ્નાન કરીને તરપણ કરતી વખતે જો કાળ-ક્ષેમનો વિચાર મનમાં આણે તો તર્પણ કર્યાનું ફળ પ્રાપ્ત થાય છે અને પીતૃદેવતાને તર્પણ પહોંચે છે.

શિક્ષા ૯૪મી–હે અર્જુન ! તીર્થકાંઠે જઈ જે માણસ બીમારીથી મૃત્યુ પામે તો તેને અર્ધબાળી (દહન કરી) ક્ષેત્રમાં તીર્થ વાળી નદીમાં ફેકી દીયે તો આ દોષથી અંત-કાળ વખતે નર્કનો અધીકારી થાય અને જો તેવા શબને બરોબર દહન કરી (શુદ્ધ કરી) ને તેની રાખ ઉપર સાત દીવસ સુધી બરાબર બંદોબસ્ત સાથે ગાય શીવાય કુતરાં, બીલાડાં, ગધેડાં, આદી ચાર પગવાળાં પશુ તેમજ સ્ત્રીનો પડછાયો પાડવા નહી દીયે અને આઠમે દીવસે સ્નાન કરી તે રાખને ક્ષેત્ર નદીમાં પધરાવી અને ક્ષેત્રથી માટીથી શબને બાળેલી જગો લીપી સાફ કરે તો જગતના બધા તીર્થો કર્યાનું ફળ તથા મોટા મોટા યજ્ઞ કર્યાનું ફળ પ્રાપ્ત થાય અને મરનાર વૈકુંઠવાસ પામે અને બાળનાર તથા તેની ક્રીયા કરનારને હંમેશાં આશીષ આપે.

શિક્ષા ૯૫મી-હે અર્જુન! સુર્યનો પ્રકાશ (તડકો) હોય અને તેવામાં વરસાદ વરસતો હોય તેમાં જે કોઇ માણુસ ન્હાય તો તેને ગંગાસ્નાન કર્યા બરોબરનું ફળ મળે છે.

શિક્ષા ૯૬મી-હે અર્જુન! જે મનુષ્ય સુર્ય અસ્ત વખત અન્નજળ લે અથવા દીશાએ જાય તો તેને મહા દોષ લાગે છે કારણ કે તે વખતે સુર્ય અને દૈત્યને યુદ્ધ થાય છે વાસ્તે સૂર્યાસ્ત વખતે માણુસોએ ઇશ્વરના ધ્યાન સિવાય બીજું કામ કરવું નહિ અને જે વખત સૂર્યને જળ અર્પણ કરે તે સૂર્યનારાયણના આશીરવચનથી હંમેશાં સુખ પામે અને જે માણુસ આ વખતે ખરાબ કામ કરે તે ઘણા વર્ષ સુધી દુ:ખી થઇ દરીદ્રિ રહે. વળી આપણે જાણવું જોઇએ કે સૂર્ય આથમ્યા પહેલા ચાર ઘડી અને અસ્ત થયા પછી રાત્રીની ચાર ઘડી સવારમાં સૂર્ય ઉદય પહેલાં ચાર ઘડી અને ઉદય થયા પછીની ચાર ઘડી દીન ચડ્યા પછી જે માણુસ બીછાનામાં સુઇ રહે તો તેને સૂર્યના શ્રાપે કરી મહા દોષ લાગે છે અને જે માણુસ આ બે વખતે પરમ દયાળુ પરમેશ્વરના ધ્યાનમાં સ્થિર મન લગાડી વેદ, પુરાણ આદિનો પાઠ કરે તો સર્વ કરેલાં પાપોથી મુક્તિ પામી અંતે વૈકુંઠમાં વાસ પામે અને આ ભવમાં લક્ષ્મી તથા સંતાનનું ઘણું સુખ ભોગવે.

શિક્ષા ૯૭ મી-હે અરજુન! જે માણુસ પાત્ર વિના

એક હાથમાં રોટલી રાખી બીજે હાથે ખાય તો તે થોડા વખતમાં દરીદ્રિ થાય છે.

શિક્ષા ૯૮ મી–હે અરજુન ! જે માણસ બીજાના ધન, સંતાન, આબરૂમાં જોરજુલમથી વિઘ્ન કરે તે આ લોકમાં નિર્ધન અને અંતકાળ પછી નરકનો અધીકારી થાય, અને આવતા જન્મમાં સંતાન વિનાનો રહે.

શિક્ષા ૯૯ મી–હે અરજુન ! જે પુરૂષને પુત્ર નથી તે સંસારમાં પરમાત્માથી પણ સન્માન પામતા નથી અને અંતકાળે નરકનો અધિકારી બીજા જન્મમાં પુત્ર વિનાનો રહે છે.

શિક્ષા ૧૦૦ મી–હે અરજુન ! જે સ્રી બાળકને જન્મ આપે છે તે દિવસથી ૪૫ દિવસ સુધી તે સ્રીના હાથનું જળ તથા અન્ન ખાય તો આ દોષથી પિતૃઓ સ્વર્ગમાં હોય તે નરકમાં જઇ વાસ કરે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે દીનદયાળ ! જે મનુષ્યના કુટુંબમાં તે સ્રી સિવાય બીજું કોઇપણ માણસ ન હોય અને નિર્ધન હોય તો તેણે શું કરવું ત્યારે શ્રી કૃષ્ણ ભગવાને કહ્યું કે વધુમાં વધુ ૨૩ દીન અને ઓછામાં ઓછું ૧૩ મે દીવસે જો સ્રી ગંગાજળનું સ્નાન કરી પોતાના ગજા પ્રમાણે પુણ્યદાન કરે છે તેના હાથનું ભોજન ખાવાને દોષ નથી. આ સાંભળી અરજુને શ્રી કૃષ્ણ ભગવાનને હાથ જોડી વિનંતી કરી કે હે ત્રિલોકના

નાથ અધમ ઓધારણ! આ આજ્ઞા સાંભળી જેમ દીવો અંધારામાં ઉજાશ આપે છે તેમ મારા મનમાં જ્ઞાનરૂપી દીવાથી અજવાળું થયું છે, વાસ્તે કૃપા કરી બીજી પણ આજ્ઞા કરો ત્યારે શ્રી કૃષ્ણજીએ કહ્યું કે તું મારો પરમભક્ત છે તેથી હું તને જે દેવતાઓ પણ જાણતા નથી તેવી આજ્ઞા કહું છું.

શિક્ષા ૧૦૧ મી–હે અરજુન! જે માણસ પોતાના મનને પ્રસન્ન રાખી પુન્યદાન કરે છે તેને ઘણું ફળ મળે છે અને જે ક્રોધ લાવીને અથવા મન ઉદાસ રાખીને પુણ્યદાન કરે અને લેનારના મનને બહુ બળાપો કરાવે તેનું પુણ્યદાન નિષ્ફળ થાય અને મહા પાતકી થાય છે.

શિક્ષા ૧૦૨ મી હે અરજુન! જે જે માણસ પોતાના દીકરાને બીજાના ખોળે સોંપે તો તે દીકરાના હાથનું જળ ખોળે સોંપનાર બાપને પહોંચતું નથી કદાચિત્ આપેલા છોકરાને પાછો લે તો તે છોકરો જુવાન થઇને મરી જાય છે, અને તે ન મરે તો બીજો પુત્ર મરી જાય છે. અને આગલા જન્મમાં ધન સંતાનનું સુખ નહી પામતાં નરકમાં જઇ વાસ કરે છે. આ સાંભળી અરજુને પ્રશ્ન કર્યો કે હે સચ્ચિદાનંદ પ્રભુ! કોઇ માણસ આપેલ પુત્રને અજ્ઞાનથી પાછો લે તો તે પાપથી કેવી રીતે છુટે! ત્યારે શ્રી કૃષ્ણે કહ્યું કે હે અરજુન! તે માણસ પોતાની સ્ત્રી તથા તે પુત્ર

સાથે ગંગા આદિ તીર્થમાં સ્નાન કરી પીળી, લાલ, ધોળી, કાળી, અને મધુરી એ પાંચે રંગવાળી પાંચ ગાય દુધ આપતી હોય તેવી, તેની ખરીયો તથા શિંગડાંને સોનું મઢાવી પાંચ બ્રાહ્મણોને પાંચ ગાયોનું દાન કરે અને પરિબ્રહ્મ પરમેશ્વર પાસે આ કરેલા પાપની માફી માગે તો આવા પાપથી છુટી પાછા લીધેલા દીકરાના હાથનું તર્પણ પહોંચે છે.

શિક્ષા ૧૦૩ મી—હે અરજુન ! માણસ સંગ્રામમાં યુદ્ધ કરતી વખતે પોતાની પાસે રહેલ ધન અને બળના અહંકારના શબ્દો બોલી અને પોતાના વેરીને બુરા વચનો ગાળો દઇ સંતાપે તો આ પાપે કરી સંગ્રામમાં હાર પામી નિષ્ફળ થઇ નાશી જઇ નુકશાન ભોગવવું પડે છે.

શિક્ષા ૧૦૪ મી—હે અરજુન ! યુધ્ધ કરતાં શત્રુ શરણે આવે અથવા બળહીણુ થઈ ઉઠી જાય તો તેને મારવો ઉચિત નથી. તે છતાં જો તે તેને મારે અથવા ઘાયલ કરે તો તે પાપથી તેનો પુત્ર યુવાવસ્થામાં મરી જાય અથવા આગલા જન્મમાં તેની સ્ત્રી વાંઝણી રહે.

શિક્ષા ૧૦૫ મી—હે અરજુન ! જે માણસ કાગળ અથવા લાકડા પર મનુષ્ય આદિ જનાવરોના ચિત્રો બતાવે તો તે દોષને માટે આ જન્મમાં અથવા આગલા જન્મમાં ધન તથા સંતાનનું સુખ નહી પામતાં આંખે આંધળા થાય

કારણ કે તે ચિત્ર નિર્જીવ છે પરંતુ ભગવાન આદિ દેવતાના ચિત્રોની પ્રતિષ્ટા કરવાથી સંતાનનું સુખ મળે છે.

